

**ભિલોડામાં લાંબા વિરામ બાદ હળવો વરસાદથી પાકોને જીવતદાન**

ભિલોડા તાલુકામાં અસહ્ય બાફ અને ઉકળાટભર્યો માહોલ છેલ્લા કેટલાય દિવસથી સર્જાયો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા બાદ હળવો વરસાદ વરસ્યો હતો.મેઘરાજાએ લાંબો વિરામ લીધા બાદ આજે બપોરે પધરામણી કરતા ચોમાસા દરમ્યાન મુરઝાતા ખેતીના ઉભા પાક જેવા કે કપાસ, મકાઈ, મગફળી, સોયાબીન, એરંડા, તુવેર સહિત વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળ્યું હતું. અરવલ્લી જીલ્લામાં સૌથી ઓછો વરસાદ ભિલોડા તાલુકામાં નોંધાયો છે. ચોમાસાની સિઝન દરમ્યાન અપુરતા વરસાદના કારણે નદી, નાળા, તળાવો, જળાશયો, કુવા ખાલીખમ ભાસી રહ્યા છે. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી હોવા છતા વરસાદ મન મુકીને ન વરસતા પ્રજાજનો ચિંતાતુર છે.

# સાબરકાંઠામાં કોરોનાએ ૫૦૦નો આંક વટાવ્યો

## નવા ૧૨ કેસ સાથે આંકડો ૫૦૪ પર પહોંચી ગયો

હિંમતનગર, તા. ૭

ગુજરાતના અન્ય જિલ્લાઓની જેમ સાબરકાંઠામાં પણ કોરોના પોઝેટીવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૨ કેસનો ઉમેરો થતા કેસનો આંકડો ૫૦૪ પર પહોંચી ગયો છે. જો જિલ્લાની પ્રજા સાવચેતી અને જાગૃતિ નહી દાખવે તો શુક્રવારથી શરૂ થયેલા જન્માષ્ટમીના તહેવારો બાદ કેસની સંખ્યા ખુબ જ વધી જવાની શક્યતા છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લામાં જે નવા ૧૨ કેસ ઉમેરાયા છે તેની સાથે શુક્રવારે કોરોના પોઝેટીવ કેસનો આંકડો ૫૦૪ પર પહોંચી ગયો છે. જે મુજબ આ ૧૨ કેસ પૈકી હિંમતનગરમાં નવા ૬ કેસ નોંધાયા છે. જે પોલોગ્રાઉન્ડમાં રહેતા ૫૩ વર્ષીય મહિલા, મહેતાપુરામાં ૫૨ વર્ષીય પુરૂષ, મહાવીરનગરમાં ૬૪ વર્ષીય પુરૂષ, ખાડીયા વિસ્તારમાં ૪૧ વર્ષીય પુરૂષ, અશોકવાટીકામાં ૫૪ વર્ષીય મહિલા તથા રાજમહેલ બંગ્લોઝમાં રહેતા ૩૭ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે ઈડરની મદની સોસાયટીમાં ૬૪ વર્ષીય પુરૂષ અને વડાલીમાં આવેલ રેલવે વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય પુરૂષમાં કોરોના પોઝેટીવના લક્ષણો જણાતા તેમને સારવાર અપાઈ રહી છે. પ્રાંતિજના ઋષિવાસમાં ૭૭ વર્ષીય પુરૂષ સહિત ખેડબ્રહ્માના વણકરવાસમાં ૬૦ વર્ષીય મહિલા અને જુની મામલતદાર કચેરી વિસ્તારમાં રહેતા ૫૭ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે.


સાબરકાંઠા જિલ્લામં છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ સરેરાશ કોરોના પોઝેટીવના ૧૨ કેસ નોંધાઈ રહ્યા છે. જેના લીધે શુક્રવારે જિલ્લામાં કોરોના પોઝેટીવ કેસનો આંકડો ૫૦૦ ને પાર કરીને ૫૦૪ પર પહોંચી ગયો છે. આરોગ્ય વિભાગના દાવા મુજબ અત્યાર સુધીમાં ૩૭૭ લોકો સાજા થયા છે અને હાલ ૧૨૦ કોરોનાના દર્દીઓ સારવાર હેઠળ છે. હિંમતનગરના શહેરી વિસ્તારમાં શુક્રવાર સુધી કોરોના પોઝેટીવના દર્દીઓની સંખ્યા ૧૩૦ છે. તથા પ્રાંતિજમાં ૩૯, ઈડરમાં ૪૦, તલોદમાં ૧૫, વડાલીમાં ૧૨ જ્યારે ખેડબ્રહ્મામાં આ આંકડો ૫ છે. ઉલ્લેખનીય છે કે પોશીના અને વિજયનગરના સ્થાનિક વિસ્તારોમાં એક પણ દર્દી નોંધાયો ન હોવાનો દાવો કરાયો છે તેમ છતાં જિલ્લામાં અત્યાર સુધી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જે કેસ નોંધાયા છે તે પૈકી ૨૪૧ શહેરી તથા ૨૬૩ કેસ ગ્રામ્ય વિસ્તારોમાં છે.

# મોડાસામાં વરસાદ શરૂ થયો અને ચોર કળા કરી ગયા

## મોડાસાની ઝલક સોસાયટીમાં સમી સાંજે તસ્કરો બંધ મકાનમાં ત્રાટકી લાખ્ખોની ચોરી કરી છુ

મોડાસા, તા. ૭





અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત એસપી સંજય ખરાટને તસ્કર ટોળકીએ પ્રથમ દિવસે જ ચેલેન્જ આપી રહી હોય તેમ મોડાસા શહેરની ઝલક સોસાયટીમાં બંધ મકાનમાં વરસાદી માહોલમાં ત્રાટકી ૭૦ હજાર રોકડા અને ૧૦ તોલા સોનાના દાગીના લઈ રફુચક્કર થઈ જતા ચકચાર મચી હતી. સમી સાંજે ઘરમાં તસ્કરોએ ધાપ મારતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા, પોલીસ પણ દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા શહેરના ડુગરવાડા રોડ પર આવેલી ઝલક રેસીડેન્સી સોસાયટીમાં અલ્તાફ નોરી અને તેમનો પરિવાર રહે છે. અલ્તાફ નોરી કુવૈત છે. બુધવારે સાંજે કામકાજ અર્થે અલ્તાફભાઈના પત્ની નૂરજહાંબેન નજીકની સોસાયટીમાં રહેતા તેમના માતા-પિતાને ઘરને બંધ કરીને ગયા હતા. આ તકનો લાભ લઈ ગણતરીના સમયમાં વરસતા વરસાદનો લાભ લઈ તસ્કરો ત્રાટકી તિજોરી અને કબાટમાં રાખેલા ૭૦ હજાર રૂપિયા રોકડા અને ૧૦ તોલા સોનાના દાગીના લઈ રફુચક્કર થઈ ગયા હતા. નૂરજહાંબેન ઘરે આવતા ઘરના દરવાજાનો નકુચો તૂટેલો હોવાની સાથે ઘરમાં માલસામાન વેરવિખેર હાલતમાં જોતા બુમાબુમ કરી મુકતા લોકો દોડી આવ્યા હતા. સમી સાંજે ચોરીની ઘટના બનતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લાખ્ખો રૂપિયાની ચોરીની ઘટનાના પગલે પોલીસ દોડી આવી હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

ઝલક સોસાયટીમાં બંધ મકાનમાં સમી સાંજે તસ્કરો ત્રાટકી લાખ્ખો રૂપિયાના મુદ્દામાલની ચોરીની ઘટનાને અંજામ આપતા આ ચોરીની ઘટનાને કોઈ જાણભેદુએ અંજામ આપ્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.




**બાયડ માર્કેટયાર્ડમાં વીજળી પડતાં નાસભાગ**

બાયડમાં આજ સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. ત્યારે બપોરે એકાએક ભારે કડાકા સાથે વીજળી પડતા નાસભાગ મચી ગઈ હતી. વીજળી પડતા બાયડમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી.

# પ્રાંતિજ અંતિમધામમાં છતના પતરા ખવાઈ જતાં ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીઓ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અંતિમ ધામમાં છતના પતરા ખવાઈ જતાં ચોમાસા દરમ્યાન અંતિમધામ ખાતે આવતા ડાધુઓને મુશ્કેલીઓ પડે છે અને ચાલુ વરસાદમાં અંતિમ ક્રિયા મુશ્કેલીઓ ઉભી થાય પણ ચાલુ વરસાદમા કરવી મુશ્કેલ બની છે તો ચાલુ અંતિમક્રિયા દરમ્યાન વરસાદને લઈને ચિતા ઉપરના પતરા ખવાઈ જતા વરસાદી પાણી સીધું જ ચિતા ઉપરજ પડતા અંહિ આવતા ડાધુઓને મુશ્કેલીઓમાં મુકાય છે ત્યારે હાલ તો વિકાસને લઈને ખવાઈ ગયેલ પતરા અંગે રજુઆતો કરવામાં આવી છે છતાં પણ બીજુ ચોમાસું પણ અડધું થયું પણ પ્રાંતિજ પાલિકા દ્વારા નવા પતરા કે અન્ય કોઈ પણ ઉપાય કરવામાં આવેલ નથી ત્યારે બીજી બાજુ પાલિકા દ્વારા મૃતક માટે એક શબ વાહીની પણ હજુ ખરીદી



છે. પ્રાંતિજ નગરપાલિકાના સત્તાધિશો સત્વરે જાગે તેવી લોક માંગ પણ ઉઠવા પામી છે.

પ્રાંતિજ નગરપાલિકા હસ્તક નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ અંતિમધામની દૂરદશા જેવી સ્થિતિ પેદા થઈ છે અંહિ ચોમાસા દરમ્યાન અંતિમ કિયા માટે લવાતા મૃતકોની અંતિમ ક્રિયા કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવતી પ્રાંતિજ નગરપાલિકા પાસે જાણે ચિંતાની છત ઉપરના ખવાઈ ગયેલ પતરા નાખવા માટે પૈસા ના હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે અહીં આવતા મૃતકના પરિવારો તથા નગરજનોની અવરનવર રજુઆતો છતાં પ્રાંતિજ પાલિકા દ્વારા છેલ્લા ગત ચોમાસાથી કરવામાં આવી નથી ત્યારે પાલિકા દ્વારા હાલ તો તાત્કાલિક અંતિમ ધામ ખાતે ચિતા ઉપરની છતના ખવાઈ ગયેલ પતરા બદલવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે. હવે જોવું એ રહ્યું કે આ અહેવાલ પ્રસિધ્ધ થયાં બાદ પણ પાલિકાતંત્ર કોઈ ઘટતી કાર્યવાહી કરશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

# સાબરકાંઠા જિલ્લામાં સાત મદદનીશ સરકારી વકીલોની નિમણુંક કરાઈ

હિંમતનગર, તા. ૭

રાજ્ય સરકારના કાયદા વિભાગ દ્વારા તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા માટે સાત મદદનીશ સરકારી વકીલોની નિમણુંક કરવામાં આવી છે. જો કે અગાઉ કામ કરતા ત્રણ સરકારી વકીલોની સેવાઓ નિયમોને આધિન રહીને સમાપ્ત કરાઈ છે.

આ અંગે કાયદા વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામામાં જણાવાયા મુજબ ગત તા. ૨૯ જુલાઈના રોજ સરકારના કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૦૯ ના નિયમ-૪(૧) અને સન. ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ અને સન. ૧૯૭૪ નો (બીજો)ની કલમ ૨૩(૩)થી મળેલી સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લામાં મદદનીશ સરકારી વકીલ (એડી.પી.પી.) તરીકે તા. ૩૧-૧૨-૨૦૨૨ માટે મદદનીશ સરકારી વકીલ તરીકે સાત વકીલોની નિમણુંક કરાઈ છે. જેમાં નિતિનકુમાર રમણલાલ શાહ, પ્રણય જયંતિલાલ સોની, હેતલબેન ભરતકુમાર ત્રિવેદી, જયદિપસિંહ જેતાવત, નિકેશકુમાર નટવરલાલ બારોટ, સૂર્યસિંહ કલ્યાણસિંહ પરમાર, વિક્રમસિંહ શિવસિંહ પરમારની તાત્કાલિક અસરથી નિમણુંક કરાઈ છે.

## સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં

# વિકાસ કાર્યો માટે ૫.૨૫ કરોડ કરતાં વધુ રકમના ચેક વિતરણ કરાયા

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે જિલ્લાની છ નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ તથા ચીફ ઑફિસરશ્રીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ અને રાજ્ય સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકા વિસ્તારના વિકાસ કાર્યો માટે કુલ રૂ.૫.૨૫ કરોડ કરતાં વધુ રકમના ચેક અર્પણ કરવામાં આવ્યા. સાબરકાંઠા જિલ્લા નગરપાલિકાઓને કુલ ૧૦.૫૦ કરોડની ફાળવણી કરાઈ છે.

પારદર્શી અને લોકાભિમુખ વહિવટની નેમને સાર્થક કરનાર રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારે ચાર વર્ષ પૂર્ણ કરી પાંચમા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે રાજ્યભરની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કુલ રૂ.૧,૦૦૦ કરોડ જેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત સાબરકાંઠા ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપૂત, સાંસદશ્રી દિપસિંહ રાઠોડ તથા જિલ્લા કલેક્ટરશ્રી સી.જે. પટેલની ઉપસ્થિતિમાં ચેક વિતરણ સમારોહ યોજાયો હતો.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પૈસાના અભાવે રાજ્યમાં વિકાસના કોઈ કામો અટકશે નહીં. શુદ્ધ પીવાનું પાણી, ભુગર્ભ ગટર, પાકા રસ્તાઓ,



ફાટકમુક્ત શહેર અને તળાવોના બ્યુટીફિકેશન સાથે શહેરો રહેવા અને માણવા લાયક બને તે દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. કોરોનાના કપરાકાળમાં પણ આ વિકાસયાત્રા અટકે નહીં તથા વોટર સરપ્લસ અને વૃક્ષ જતન દ્વારા શહેરો ક્લિન એન્ડ ગ્રીન બને તે દિશામાં તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓએ સતત કાર્યરત રહેવાનું છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જિલ્લાની હિંમતનગર નગરપાલિકાને રૂ.૩ કરોડ, ઈડર નગરપાલિકાને રૂ.૨.૨૫ કરોડ, ખેડબ્રહ્મા નગરપાલિકાને રૂ. ૨.૨૫ કરોડ, પ્રાંતિજ નગરપાલિકાને રૂ.૧ કરોડ, વડાલી રૂ. ૧ કરોડ તેમજ તલોદ નગરપાલિકાને રૂ.૧ કરોડની રકમની ફાળવણી કરવામાં આવી છે. તમામ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ તથા ચીફ ઑફિસરશ્રીઓને વિકાસકાર્યો માટેની રકમના ચેક ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપૂત, સાંસદશ્રી દિપસિંહ રાઠોડ તથા હિંમતનગર ધારાસભ્ય શ્રી રાજેંદ્રસિંહ ચાવડા, ઈડર ધારાસભ્યશ્રી હિતુ કનોડિયા જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા





**મોડાસા હાઇસ્કૂલમાં રામ જન્મભૂમિના શિલાન્યાસની ઉજવણી**

રામ મંદિર શિલાન્યાસથી અયોધ્યામાં આનંદોત્સવ, એવોજ આનંદોત્સવ મોડાસા કેળવણી મંડળ અને મોડાસા હાઈસ્કૂલને ૧૦૦ વર્ષ થતા શતાબ્દી મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે મહાનુભાવોના સાનિધ્યમાં ઉજવાઈ હતી, એવી જ રીતે આજે જેમ અયોધ્યામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સાનિધ્યમાં પારીજાતીના છોડને રોપવામાં આવ્યો તેવી જ રીતે આ મંગલ પ્રસંગે મોડાસા કેળવણી મંડળ અને તેની તમામ શાળાઓએ ભવ્ય રીતે ઉજવ્યો અને "ભાઈચંદભાઈ મા.શાહના નવા શૈક્ષણિક ભવનમાં" રોહિતભાઈ વોરા દ્વારા શાસ્ત્રોક્ત અને વૈદિક મંત્રોચ્ચાર સાથે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહના હસ્તે પારીજાતીનો છોડ રોપવામાં આવ્યો હતો.

# આજથી જન્માષ્ટમીના તહેવારોનો પ્રારંભ

## કોરોનાને પગલે યોજાતા તમામ લોકમેળા બંધ

સાબરકાંઠા જિલ્લામાં શનિવારથી જન્માષ્ટમીના તહેવારોનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે સરકાર દ્વારા કોરોના કહેરને લઈને જિલ્લાના વિવિધ સ્થળે યોજાતા આઠમના મેળા તથા અન્ય લોકમેળાઓ યોજવા પર પ્રતિબંધ મુકી દીધો છે. જેના લીધે ધર્મપ્રેમી જનતાને આ વર્ષે પોતાના ઘરે સેવાપૂજા કરીને જન્માષ્ટમીની ઉજવણી કરવી પડશે.

સાબરકાંઠા જિલ્લામાં શનિવારથી જન્માષ્ટમીના તહેવારો શરૂ થાય છે ત્યારે પ્રથમ દિવસે નાગપંચમી હોવાથી અનેક લોકો નાગ દેવતાની પૂજા કરી ધાર્મિકવિધિ કરીને ઉપવાસ કરશે તથા હિંમતનગરના સાબરડેરી નજીક આવેલ નાગ દેવતાના મંદિરે પણ પૂજાનો કાર્યક્રમ યોજાશે. જો કે અહી ભરાતો મેળો આ વર્ષે ભરાશે નહી. ત્યારબાદ રવિવારે રાંધણસઠ હોવાથી ખાસ કરીને મહિલાઓ પોતાને તથા પરીવારને મનગમતી વાનગી બનાવી તેનો ઉપયોગ બીજા દિવસે એટલે કે શીતળા સાતમના રોજ ઠંડુ ખાઈને ઉજવશે તથા મહિલા વર્ગ સાતમના દિવસે માટીમાંથી બનાવેલા શીતળામાતાની પૂજા કરશે. ખાસ કરીને સાતમના દિવસે મોટાભાગના લોકો સ્નાન માટે ગરમ પાણીનો ઉપયોગ કરતા નથી તથા આખો દિવસ રસોડુ બંધ રાખે છે.

પંચાંગ પ્રમાણે મંગળવારે પડતર દિવસ છે અને બુધવારે જન્માષ્ટમી ઉજવાશે જેને લઈને હિંમતનગર સહિત જિલ્લાના મોટાભાગના સ્થળે આવેલા શિવ મંદિર તથા કૃષ્ણ મંદિરોમાં ઉજવાતી કૃષ્ણ જન્મોત્સવ આ વર્ષે મર્યાદિત ભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાશે અને તેમાં પણ સરકારની ગાઈડલાઈન્સ મુજબ સોશિયલ ડીસ્ટન્સીંગ તથા હાજર રહેનાર તમામ લોકોને ફરજીયાત માસ્ક ધારણ કરવો પડશે.

# પાલનપુરના વેપારીની નિર્દયી હત્યા કરનાર હત્યારાઓને ઝડપી પાડવા માંગ

મોડાસા, તા. ૭

બનાસકાંઠાના પાલનપુરના જુના લક્ષ્મીપુરા વિસ્તારના નવલપાર્ક સોસાયટીમાં રહેતા અને શહેરમાં તાલુકા પંચાયત આગળના કોમ્પ્લેક્ષમાં ચિલ્ડ્રનવેરની દુકાન ધરાવતા વેપારી દલપતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ ઉઘરાણી જવાનું કહીને નીકળ્યા બાદ મોડી સાંજે આકેસણ નજીક વેપારીની ઝાડ સાથે બાંધીને સળગાવી દીધેલી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી. આ ઘટનાને ૨૨ દિવસથી વધુ સમય થયો હોવા છતાં પોલીસ હત્યાનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ રહેતા પ્રજાપતિ સમાજમાં ધીરે ધીરે પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉદભવી રહ્યા છે, અરવલ્લી જીલ્લા અખીલ ભારતીય (પ્રજાપતિ) કુંભાર સંઘ દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયિક તપાસ થાય અને હત્યારાઓને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવેની માંગ કરી હતી.

પાલનપુરમાં પ્રજાપતિ સમાજના અગ્રણીની હત્યા મામલે ન્યાય આપવા અરવલ્લી જિલ્લા અધિક કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં પ્રજાપતિ સમાજના અગ્રણીઓએ આજે અરવલ્લી જિલ્લા અધિક કલેકટરને આવેદનપત્ર આપીને પ્રજાપતિ સમાજના અગ્રણીની હત્યા મામલે પોલીસ સત્વરે કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી છે. ઘટનાને ૨૨ દિવસ જેટલો સમય વિતી જવા છતાં હજુ સુધી પોલિસ કાર્યવાહી યોગ્ય દિશામાં નથી થઈ. યોગ્ય ન્યાયિક તપાસ ન થતાં ઘટનાને અખિલ ભારતીય કુંભકાર સંઘ અને અરવલ્લી જિલ્લા પ્રજાપતિ સમાજ દ્વારા સખત વખોડી કાઢવામાં આવી છે.



**સા.કાં. ભાજપ કાર્યલયે દીપોત્સવનો કાર્યક્રમ યોજાયો**

હિંમતનગર । હિંમતનગર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય દિપોત્સવનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં ધારાસભ્યો સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને જય શ્રી રામના જયઘોષ સાથે વાતાવરણને રામમય બનાવી દીધું હતું. કાર્યક્રમ અંતર્ગત સોશિયલ ડિસ્ટન્સ સાથે ભાજપ અગ્રણીઓ સહિત ઉપસ્થીત રહ્યા હતા. આ પ્રસંગે સાંસદ દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા મહામંત્રી હિતેશભાઈ પટેલ, વિજયભાઈ પંડ્યા, પાલીકા પ્રમુખ અનીરૂધ્ધ સોરઠીયા તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં સાસરીયા દ્વારા દહેજ મામલે પરિણીતાને રંજાડ

કોરોના મહામારી વચ્ચે પણ મહિલાઓ ઉપર થતા અત્યાચારોની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ડીસામાં રહેતી એક પરણીતાને સાસરિયા દ્વારા દહેજ મામલે મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગેની પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર ધાનેરા ખાતે રહેતા ડાહ્યાભાઈ ગલબાજી સુથારની દીકરી અરુણાબેનના લગ્ન ડીસા ભણસાલી ક્વાર્ટર ખાતે રહેતા ડો. ખુમજીભાઈ સુથારના દીકરા અરવિંદભાઈ સાથે સામાજિક રીત રિવાજ મુજબ તા. ૧૮/૧/૨૦ ના રોજ થયેલા લગ્નના થોડા સમય સુધી અરુણાબેનને સારી રીતે રાખ્યા બાદ સાસરિયા પક્ષ દ્વારા શારીરિક માનસિક ત્રાસ અને દહેજની માંગ સાથે જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. આ મામલે આખરે પીડિત અરુણાબેને દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તેમની ફરિયાદ આધારે પતિ અરવિંદભાઈ ખુમજીભાઈ સુથાર, સસરા ખુમજીભાઈ સુથાર અને સાસુ વિરાબેન ખુમજીભાઈ સુથાર વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.